# ગુજરાત હવે દારૂબંધીના નાટકમાંથી બહાર નીકળે : શંકરસિંહ વાઘેલા

## શંકરસિંહ અનેકવાર દારૂબંધી હટાવી લેવાની વાત કરી ચૂક્યા છે, લઠ્ઠાકાંડ મામલે સરકાર સામે સવાલ ઉઠાવ્યો

ગાંધીનગર, તા.૨૬

ગુજરાતમાં કથિત લઠ્ઠાકાંડથી ૩૬ ના મોત થયા બાદ ફરી દારૂબંધી હટાવવાનો મુદ્દો સળગ્યો છે. જો ગુજરાતમાં ખુલ્લેઆમ દારૂ પીવાય છે તો પછી દારૂબંધી કેમ એ મુદ્દે ફરી શંકરસિંહ વાઘેલા મેદાને આવ્યા છે. શંકરસિંહ વાઘેલા અનેકવાર ગુજરાતમાંથી દારૂબંધી હટાવી લેવાની વાત કરી ચૂક્યા છે, ત્યારે તેમણે કથિત લઠ્ઠાકાંડ ફરી સરકાર સામે સવાલ ઉઠાવ્યો છે કે, ગુજરાતમાં માત્ર નામની દારૂબંધી રાખવાનો શું મતલબ.

પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ ફરી સરકાર સામે નિશાન સાધ્યુ છે કે ગુજરાતમાં ઠેરઠેર દારૂ વેચાય છે. માત્ર નામની જ દારૂબંધી છે. માત્ર નામની દારૂબંધી રાખવાનો શુ મતલબ. કેમ ગુજરાતમાંથી દારૂબંધી હટાવી લેવાતી નથી.

વાઈબ્રન્ટ ગુજરાતના નામે કરોડોનો ખર્ચો કરીને ગુજરાતને વાઈબ્રન્ટ મોડ પર મૂકનારી ગુજરાતની આ સરકારે આજની લઠ્ઠાકાંડની ઘટના પરથી સરકારે બોધપાઠ લેવો જોઈએ કે દારૂબંધી અને નશો શું ચીજ છે. આ પહેલીવાર નથી બન્યુ. આ પહેલા પણ અનેક લોકો ઝેરી દારૂ પીને મરી ગયા છે. ગાંધીજીના નામે ગુજરાત ધતિંગવાળી નશાબંધીવાળી નીતિ છોડી શક્તુ નથી. હું ગુજરાતની જનતાને અપીલ કરું છું કે મહેરબાની કરીને દારૂબંધીના નાટકમાંથી બહાર નીકળીએ. વૈજ્ઞાનિક પદ્ધતિએ નવી નશાબંધીની નીતિનો અમલ કરાય, જેમાં ખરાબ અને ઝેરીલો દારૂ પીને મરી ન જાય. એની ચિંતા પ્રજા અને સરકારે કરવી જોઈએ.

આ પહેલા પણ દારૂબંધી અંગે શંકરસિંહ વાઘેલાએ કહ્યું હતું કે, ગુજરાતમાં એક કિલોમીટર વિસ્તાર પણ એવો નથી જયા દારૂનો વેપાર થતો ન હોય અને ખુલ્લેઆમ દારૂ ન પીવાતો હોય. હું ગુજરાતીઓને કહેવા માગુ છું કે, ગાંધી સરદારના નામે બહુ થયું હવે. હવે તેનો પુનવિચાર કરો કે, દારૂબંધી હટાવે. કૃત્રિમ દારૂબંધી ભ્રષ્ટાચાર અને ગુંડાઓનો અડિંગો બની ગયો છે. રોજ કરોડો રૂપિયાનો દારૂ પીવાતો હોય અને પકડાતો હોય છે. આ ખોટી નીતિ છે.

દારૂબંધીની વૈજ્ઞાનિક પદ્ધતિનો અમલ કરવો જોઈએ. દિલ્હી, બેંગલોર ક્યાંય દારૂબંધી નથી. તો ગુજરાતમાં એવી નીતિ રાખો જેથી ગુજરાતમાં જે કેમિકલ પીને મરી જાય છે, અને લાખો બહેનો વિધવા બને છે. આવી નીતિ બદલી દો. એવી નીતિ કરો કે સેલવાસ, દમણ, આબુ, ઉદયપુર કે મુંબઈ ન જવો પડે.



સુપ્રસિદ્ધ સોમનાથ મહાદેવના દર્શને દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલ પહોંચ્યા હતા. તેઓએ સોમનાથ મહાદેવના દર્શન કરી ધ્વજપૂજા તથા સોમેશ્વર મહાપૂજન કર્યુ હતુ. સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ તેઓને સ્મૃતિ ભેટ આપી સ્વાગત સન્માન કર્યુ હતુ. યાત્રી પ્રતિભાવ બુકમાં તેઓએ પોતાના વિચારો વ્યક્ત કરતા જણાવ્યુ હતુ કે સોમનાથ મંદિરમાં આવી બહુ શાંતિ મળી છે. દેશની તરક્કી અને શાંતિ માટે પ્રાર્થના છે. તેઓએ સુંદર વ્યવસ્થા બદલ શ્રી સોમનાથ મેનેજમેન્ટનો આભાર વ્યક્ત કર્યો હતો.

# જયેશે તેના ફોઈના પુત્રને ૬૦૦ લિટર મિથેનોલ કેમિકલ વેચ્યું

## તપાસમાં દેશી દારૂમાં મિથેનોલ કેમિકલને પગલે લઠ્ઠાકાંડ થયાનું ખુલ્યું

દેશી દારૂમાં મિથેનોલ આલ્કોહોલ કેમિકલ બુટલેગરો સુધી જયેશ ખાવડીયા થકી પહોંચ્યાંની વિગત મળી હતી. જેના પગલે ક્રાઈમબ્રાન્ચે ધંધુકાના સાલાસર ગામના જયેશ રમેશભાઈ ખાવડીયા અને તેના સાગરીત દિનેશ ઉર્ફ બંટી રાજપૂતને ઉપાડ્યા હતા. પીપળજના દેવરાજ ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં એમોસ કોર્પોરેશન કંપનીમાં જયેશ લેબર કોન્ટ્રેકટર કમ ઈન્ચાર્જ તરીકે કામ કરતો હતો. આ કંપનીમાંથી જયેશે તેના કામ દરમિયાન કેમિકલ કાઢ્યું હતું. જયેશ એમોસ કંપનીમાં ચાંગોદરની ફીનાર કંપની દ્વારા સપ્લાય થતા મિથેનોલ આલ્કોહોલ કેમિકલને બેરલમાંથી કાઢી અઢી લીટરની કાચની બોટલમાં ભરી બોટલિંગ એન્ડ ક્રિમ્પલિંગનું જોબ વર્ક કરતો હતો. આ પ્રોસેસ દરમિયાન જયેશે મિથેનોલનો જથ્થો સંગ્રહ કરી ૬૦૦ લીટર જેટલું કેમિકલ કાઢ્યૂં હતું. જે સ્થળે સંજયને બોલાવી આરોપીઓએ મિથેનોલ કેમિકલનો જથ્થો આપ્યો હતો. બોલેરો ગાડીમાં આ જથ્થો આરોપીઓએ સંજય ભીખાભાઈ કુમારખાણીયાને વેંચી રૂ.૪૦ હજાર લીધા હતા. આ ઉપરાંત આરોપીએ ભાડાના ૧૫૦૦ બીજા લીધા હતા. આ કેમિકલ સપ્લાય થયાના ૪ દિવસમાં લઠ્ઠાકાંડ થયો હતો.

# લઠ્ઠાકાંડના આરોપીઓ ઝડપાયા

## એફઆઈઆરમાં ૧૩ આરોપીઓ સામે કેસ નોંધાયા : કોઈ રીઢા ગુનેગાર નથી

અમદાવાદ, તા.૨૬

અમદાવાદ જિલ્લાના ધંધુકા અને બોટાદ જિલ્લાના બરવાળામાં થયેલા લઠ્ઠાકાંડમાં મોતના આંકડાઓ વધી રહ્યા છે. હાલમાં લઠ્ઠાકાંડથી મૃત્યુઆંક ૩૬ પર પહોંચ્યો છે. ત્યારે રાજ્યના મુખ્ય પોલીસ વડા આશિષ ભાટિયાએ પ્રેસ કોન્ફરન્સને સંબોધતા કહ્યું હતું કે આ ઘટનાક્રમમાં ૨૨ લોકો બોટાદના હતા અને અમદાવાદ ગ્રામ્યના ૬ લોકોના મોત નીપજ્યાં છે. ભાટિયાએ કહ્યું કે આ પ્રકરણમાં ૧૩ લોકો સામે ગુનો દાખલ થયો છે. આશંકિત લઠ્ઠાકાંડમાં મિથાઈલ આલ્કોહાલનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પાણીની સમકક્ષ જ મિથાઈલ કેમિકલ ઉમેરવામાં આવ્યું હતુ. ભાવનગરના બોટાદની આસપાસના ગામોમાં થયેલ આ ગોજારી ઘટનાના તાર અમદાવાદ આવી પહોંચ્યા છે.

આ ઘટનાના મૂળમાં ઉતરતા પોલીસે શોધી કાઢ્યું છે કે અમદાવાદના અસલાલી ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારની આમોસ કેમિકલ ફેકટરીનો જયેશ મુખ્ય સૂત્રધાર છે. જયેશ એમોસમાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવી રહ્યો હતો પરંતુ તેણે આ ઈન્ડસ્ટ્રીયલ કેમિકલ ચોરી કરીને બહાર વેચ્યું હતુ.

જયેશ ઉર્ફે રાજુએ આ ૬૦૦ લિટર ચોરી કરેલ મિથાઈલ આલ્કોહોલ સંજયને વેચ્યું હતુ. સંજયે આ કેમિકલ વેચવા માટે તેના પિતરાઈ ભાઈ પિન્ટુ ઉર્ફે ફાંટોનો સંપર્ક કર્યો હતો, જે મૂળ બોટાદનો રહેવાસી છે. જયેશે ૬૦૦માંથી ૨૦૦ લિટર મિથાઈલ કેમિકલ સંજયને વેચ્યું હતુ અને વધુ ૨૦૦ લિટર અન્ય એક વ્યકતિને વેચ્યું હતુ જ્યારે ૨૦૦ લિટર હજી તેની પાસે જ હતુ. પોલીસે અત્યાર સુધી કુલ ૪૬૦ લિટર કેમિકલ કબ્જે કર્યું હતુ.

ચોંકાવારી વિગત એ છે કે જયેશે માત્ર ૪૦,૦૦૦ રૂપિયાની લાલચે આ મિથાઈલ કેમિકલ ચોરી કરીને વેચ્યું હતુ. પોલિસ તપાસમાં જાણવા મળ્યું છે કે આ ૬૦૦ લિટર કેમિકલ જયેશે ૪૦,૦૦૦ રૂપિયામાં વેચ્યું હતુ.

ભાટિયાએ કહ્યું કે ૪૬૦ લિટર કેમિકલ કબ્જે કર્યું છે અને ૨૪ કલાકમાં મોટા ભાગના આરોપીને પકડવામાં આવ્યા આવ્યા છે. એફઆઈઆરમાં કુલ ૧૩ આરોપીઓ સામે કેસ નોંધવામાં આવ્યા છે. આ તમામ કોઈ રિઢા ગુનેગાર નથી.

# રાજ્યમાં મંકીપોક્સનો એકપણ કેસ નહીં, આરોગ્ય વિભાગ સજ્જ

## મંકીપોક્સથી ગભરાવવાની નાગરિકોએ જરૂર નથી પરંતુ સાવચેતી જરૂરથી રાખવી જોઇએ : આરોગ્ય વિભાગ

અમદાવાદ, તા.૨૬

વિશ્વમાં ઘણાં દેશોમાં મંકીપોક્સે માથુ ઉંચક્યું છે. ભારતમાં પણ કેટલાક રાજ્યોમાં મંકીપોક્સના જૂજ કેસ નોંધાયા છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં મંકીપોક્સનો એક પણ કેસ નોંધાયો નથી. છતાં પણ આગોતરા આયોજનના ભાગરૂપે તૈયારીઓ સાથે આરોગ્યવિભાગ સંપૂર્ણપણે સજ્જ છે.

વિશ્વના કેટલાક દેશો દ્વારા મંકીપોક્સ રોગના લક્ષણો, સારવાર સંબંધિત એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. જેના પરથી તારણ કાઢી શકાય છે કે મંકીપોક્સ થી ગભરાવવાની જરૂર નથી પરંતુ સાવચેતી જરૂરથી રાખવી જોઈએ.

મંકીપોક્સ એક વાયરલ ઝૂનેટિક રોગ છે. જે મુખ્યત્વે મધ્ય અને પશ્ચિમ આફ્રિકાના ઉષ્ણકટિબંધીય વરસાદી જંગલોમાં જોવા મળે છે. પ્રસંગોપાત અન્ય પ્રદેશોમાં સંક્રમણ પામે છે. મંકીપોક્સ તબીબી રીતે તાવ, ફોલ્લીઓ, લીમ્ફ નોડ પર સોજા સાથે રજૂ થાય છે. જે અન્ય તબીબી બીમારી તરફ દોરી જઈ શકે છે. મંકીપોક્સ સામાન્ય રીતે સ્વ-મર્યાદીત રોગ છે. જેના લક્ષણો ૨ થી ૪ અઠવાડિયા સુધી ચાલે છે. મંકીપોક્સ પ્રાણીમાંથી મનુષ્માં તેમજ મનુષ્યમાંથી મનુષ્યમાં સંક્રમિત થઈ શકે છે. વાયરસ કપાયેલી ત્વચા(જો દેખાતી ન હોય તો પણ), શ્વસન માર્ગ અથવા મ્યુકસ મેમ્બ્રેન( આંખો, નાક અથવા મોં) દ્વારા શરીરમાં પ્રવેશ કરે છે.

પ્રાણીથી માનવમાં સંક્રમણ ડંખ અથવા ખંજવાળ દ્વારા, શરીરના પ્રવાહી દ્રવ્ય અથવા જખમ સાથે સીધો સંપર્ક અથવા જખમ સાથે પરોક્ષ સંપર્ક સંક્રમિત જગ્યા દ્વારા થઈ શકે છે.

# છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૮૮૯ કોરોનાના કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૨૬

ગુજરાતના સતત વધી રહેલા કોરોના વાયરસના કેસોમાં વધારો-ઘટાડો નોંધાઈ રહ્યો છે. આજે કોરોના કેસ ગઈકાલની સરખામણીમાં વધી ગયા છે અને કોરોના કેસનો આંકડો ફરીથી ૮૦૦ પાર પહોંચી ગયો છે. આજે ૨૬ જુલાઈની સાંજે કોરોના વાયરસની સ્થિતિ અંગે વાત કરીએ તો ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતમાં ૮૮૯ કોરોના કેસ નોંધાયા છે. બીજી તરફ ૮૨૬ લોકો કોરોનામાંથી સાજા થયા છે. આમ રાજ્યમાં કોરોનામાંથી સાજા થવાનો દર ૯૮.૬૭ ટકા નોંધાયો છે. જોકે આજે પણ અમદાવાદમાં સૌથી વધુ ૩૧૫ કેસ નોંધાયા છે.

ગુજરાત રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરેલા આંકડા પ્રમાણે આજે ૨૬ જુલાઈ ૨૦૨૨ મંગળવારના રોજ રાજ્યમાં નવા ૮૮૯ કોરોના કેસ નોંધાયા છે. બીજી તરફ આજે અમદાવાદ કોર્પોરેશનમાં કોરોનાના કેસની સંખ્યા ૩૧૫ નોંધાઈ છે. બીજી તરફ આજે રાજ્યમાં કોરોનાથી ૧ દર્દીના મોત નિપજ્યું છે. રાજ્યભરમાં કોરોના વાયરસના કારણે મોતનો આંકડો ૧૦૯૬૪ થયો છે. વરસાદી પાણી વચ્ચે રાજ્યના વિવિધ જિલ્લાઓ અને મહાનગરપાલિકાઓમાં કોરોના અંગે વાત કરીએ તો અમદાવાદ કોર્પોરેશન ૩૧૫, વડોદરા કોર્પોરેશન ૬૪, સુરત કોર્પોરેશન ૫૨, મહેસાણા ૪૬, પાટણ ૪૪, રાજકોટ કોર્પોરેશન ૪૧, વડોદરા ૩૧, ગાંધીનગર કોર્પોરેશન ૨૭, કચ્છ ૨૪, સાબરકાંઠા ૨૨, નવસારી ૨૦, રાજકોટ ૧૯, સુરત ૧૯, આણંદ ૧૬, અમરેલી ૧૪, પંચમહાલ ૧ કેસ નોંધાયા છે.

# બાળકી સાથે દુષ્કર્મ બાદ હત્યા કરનારાને ફાંસીની સજા

## સુરત એડિશનલ ડિસ્ટ્રિક એન્ડ સેશન્સ કોર્ટે સજા ફટકારી : 3 વર્ષની માસુમ બાળકી પોતાના પરિવારની સાથે ફૂટપાથ પર સૂતી હતી તે વખતે નરાધમ બાળકીને ઉઠાવી ગયો હતો

સુરત, તા.૨૬

શહેરના પૂણા વિસ્તારમાં ૩ મહિના પહેલા બાળકી સાથે દુષ્કર્મ અને હત્યા કર્યા બાદ જમીનમાં દફન કરનારા નરાધમને કોર્ટે ફાંસીની સજા ફટકારી છે. પ્રાપ્ત માહિતી અનુસાર સુરત એડિશનલ ડિસ્ટ્રિક એન્ડ સેશન્સ કોર્ટના જજ ડી પી ગોહિલ દ્વારા દોષિત રામપ્રસાદ ઉર્ફે લલનસિંગ મહેશસિંગ ગૌણને આકરી સજા સંભળાવવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ૧૪ એપ્રિલ ૨૦૨૨ના રોજ ૩ વર્ષની માસુમ બાળકી પોતાના પરિવારની સાથે ફૂટપાથ પર સૂતી હતી. તે વખતે રામપ્રસાદ ત્યાં આવીને બાળકીને ઉઠાવી ગયો હતો અને ભયાનક કાંડને અંજામ આપ્યો હતો. બાદમાં પોલીસે તેની ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કર્યો હતો અને ચાર્જશીટ દાખલ કરી હતી. આ અગાઉ સુરતમાં ૨૦૧૮ના માતા અને પુત્રીની હત્યારા કરનારા નરાધમને કોર્ટે ફાંસીની સજા સંભળાવી હતી. તપાસમાં સામે આવ્યું હતું કે, નરાધમે દીકરીની સામે માતાની હત્યા કરી હતી. બાદમાં કિશોરી સાથે હેવાનિયત આચરી હતી અને તેની પણ હત્યા કરી નાખી હતી.

આ કેસમાં હર્ષસહાય રામરાજ ગુર્જરને કોર્ટે ફાંસી જ્યારે સહઆરોપી હરિઓમ હીરાલા ગુર્જરને આજીવન કેદ ફટકારવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, સુરતના ઈતિહાસમાં ૬-૬ ફાંસીની સજા સંભળાવવામાં આવી છે એમા છેલ્લાં ૪ મહિનામા જ ૨ અને છેલ્લાં ૨ વર્ષમાં તો ૪ સજા થઈ છે. તેમ છતાં બાળકી-સગીરાઓ સાથે થતાં દુર્ષ્કમ-હત્યાના ગુના વધ્યા છે. મીડિયા રિપોર્ટ અનુસાર વર્ષ ૨૦૧૮માં જ્યાં ૯૮ કેસ હતા ત્યાં ૨૦૨૨ના ૬ મહિનામાં જ ૯૯ કેસ સામે આવ્યા છે. સૌથી વધારે ૨૦૨૧માં ૨૧૧ રેપ કેસ નોંધાયા હતા. જેમાં મોટાભાગના આરોપી પરપ્રાંતિય હોવાનું સામે આવ્યું છે.

# શૌર ઊર્જાના વિશ્વના સૌથી મોટા વિકાસકર્તાઓમાં અદાણી એક છે : ગૌતમ અદાણી

ગાંધીનગર, તા. ૨૬

૨૦૨૧-૨૨નું વર્ષ અદાણી સમૂહ માટે બીજું બ્રેકઆઉટ વર્ષ હતું. મેં ઘણીવાર કહ્યું છે કે અમારા ભૂતકાળમાંની અમારી માન્યતા ભવિષ્યમાં વિશ્વાસ કરવાની અમારી ક્ષમતાને વ્યાખ્યાયિત કરે છે જેનું રુપાંતર હાલમાં અમે જે મોટા સાહસ કરીએ છીએ તેમાં થઈ રહ્યું છે. ના તો અમે ક્યારેય ભારતમાં રોકાણ કરવાથી દૂર ગયા નથી કે કદાપી અમારા રોકાણને અમે ધીમું કર્યું નથી.



ભારતના ગ્રીન ટ્રાન્ઝિશનની સુવિધા માટે અમારું ૭૦ બિલિયન ડોલરનું રોકાણ ભવિષ્યમાં અમારા વિશ્વાસ અને માન્યતાના દર્શનનો શ્રેષ્ઠ પુરાવો છે. અમે શરુથી જ સૌર ઊર્જાના વિશ્વના સૌથી મોટા વિકાસકર્તાઓમાંના એક બની રહ્યા છીએ. રિન્યુએબલ્સમાં અમારી તાકાત ગ્રીન હાઈડ્રોજનને ભવિષ્યનું બળતણ બનાવવાના પ્રયાસમાં આપણને વિશાળ પ્રમાણમાં સશક્ત બનાવશે. ભારતને તેલ અને ગેસની આયાત પર વધુ પડતા નિર્ભર દેશમાંથી એક એવા દેશ તરફ લઈ જવાની રેસમાં અમે આગળ વધી રહ્યા છીએ જે આવનારા દિવસોમાં સ્વચ્છ ઊર્જાનો ચોખ્ખો નિકાસકાર બની શકે છે. આ એક એવું પરિવર્તન હશે જે અસાધારણ રીતે ભારતની ઉર્જા ફુટપ્રિન્ટને ફરીથી આકાર આપવામાં મદદ કરશે.

હવે અમે જ્યારે એક મુખ્ય વૈશ્વિક રિન્યુએબલ એનર્જીનો પોર્ટફોલિયો ધરાવીએ છીએ તેની સાથોસાથ અમે છેલ્લા ૧૨ મહિનામાં અન્ય ઘણા ઉદ્યોગોમાં પણ નોંધપાત્ર પ્રગતિ કરી છે.

અમે ભારતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રના નિર્માણકાર તરીકે વિકાસ કરી રહ્યા છીએ, દેશના કેટલાક સૌથી મોટા રોડ કોન્ટ્રાક્ટ અમોને મળ્યા છે અને બંદરો, લોજિસ્ટિક્સ, ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન, સિટી ગેસ અને પાઈપ્ડ નેચરલ ગેસ જેવા વ્યવસાયમાં પહેલેથી જ અમે નોંધપાત્ર બજાર હિસ્સો વધારતા રહ્યા છીએ. અદાણી વિલ્મરના અમારા સફળ આઈપીઓએ અમોને દેશની સૌથી મોટી **FMCG** કંપની બનાવી છે અને ભારતમાં હોલ્સિમની મિલ્કતોના સંપાદન કે જેમાં સમગ્ર ભારતની બે સૌથી વધુ માન્યતા પ્રાપ્ત બ્રાન્ડ નામો એસીસી અને અંબુજા સિમેન્ટ્સ નો સમાવેશ થાય છે તેને પગલે હવે અમે ભારતમાં બીજા નંબરના સૌથી મોટા સિમેન્ટ ઉત્પાદક છીએ.

આ વર્ષે અમારી સંયુક્ત ગ્રૂપ માર્કેટ મૂડી ૨૦૦ બિલિયન ડોલરને વટાવી ગઈ છે. અમે આંતરરાષ્ટ્રીય બજારોમાંથી અબજો ડોલર એકત્ર કરવામાં સક્ષમ રહ્યા છીએ. જે ભારત અને અદાણીની પ્રગતિની કીતાબમાં વિશ્વાસની સીધી આપૂર્તિ કરે છે. અમારી વૃદ્ધિ અને સફળતાને સમગ્ર વિશ્વએ વધાવી છે. હવે કેટલીક વિદેશી સરકારો તેઓના ભૌગોલિક વિસ્તારોમાં કામ કરવા અને તેમનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવામાં મદદ કરવા માટે અમારી પાસે આવી રહી છે. તેથી ૨૦૨૨માં અમે ભારતની સરહદ પાર વ્યાપક વિસ્તરણ મેળવવાનો પાયો પણ નાખ્યો છે.

અમારા રોકડ પ્રવાહમાં મજબૂત અને સતત વૃદ્ધિ દ્વારા અમારા વધતા બજાર મૂડીકરણને સમર્થન મળ્યું છે. અમારા સમગ્ર પોર્ટફોલિયોમાં ઓપરેશનલ ઉત્કૃષ્ટતા પર અમારું ધ્યાન અને એક્ઝેક્ટિવ ક્ષમતા વધારાએ ૨૬ ટકાની **EBITDA** વૃદ્ધિ પહોંચાડી છે. પોર્ટફોલિયો **EBITDA** રુ. ૪૨,૬૨૩ કરોડ હતો. નાણાકીય વર્ષ ૨૨માં આ વૈવિધ્યસભર વૃદ્ધિ અમારા વ્યવસાયોની શ્રેણીમાં પ્રતિબિંબિત થઈ હતી. અમારા યુટિલિટી પોર્ટફોલિયોમાં ૨૬ ટકાનો વધારો થયો છે. અમારો ટ્રાન્સપોર્ટ અને લોજિસ્ટિક્સ પોર્ટફોલિયો ૧૯ ટકા વધ્યો છે. અમારો **FMCG** પોર્ટફોલિયોમાં ૩૪ ટકાનો વધારો અને અદાણી એન્ટરપ્રાઈઝ લિ.,ના અમારા ઈક્યુબેટર બિઝનેસમાં ૪૫ ટકાના થયેલા વધારાએ પુરવાર કર્યું છે કે અદાણી એન્ટરપ્રાઈઝ લિ.,(**AEL**) ના અનોખા બિઝનેસ મોડલની સમકક્ષ કોઈ નથી તેનો અમે તેનો મહત્તમ લાભ લેવા ઈચ્છીએ છીએ. **AEL** ની આ ઊંચી ઉડાન હવે પછી આવનારા મોટા દસકા સુધી નવા વ્યવસાયોના સતત વિકાસ માટે અદાણી સમૂહને વિશ્વસનીય પાયો પૂરો પાડે છે.

## ૧૩ ઈંચ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તફાવત જોવા મળી રહ્યો છે. જયારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ સવારે અને સાંજના સમયે ૯૮ ટકા નોંધાયુ છે. શહેરમાં વરસાદી હેલી વરસતી નથી પરંતુ હળવા ભારે ઝાપટા સાથે શહેરમાં રોજબરોજ ઝરમરિયો વરસાદ સતત ભીંજારાનો માહાલે યથાવત રાખે છે. શહેરમાં સિઝનનો મહત્તમ વરસાદ છેલ્લા ચાર પાંચ દિવસમાં જ થયો છે. શહેરમાં નિખરતી વરસાદી મોસમ વચ્ચે નગરે જાણે હરિયાળી ચાદર ઓઢી લીધી હોવાનો નઝારો સર્જાયો છે. જયારે વરસાદી મોસમમાં સેકટરોમાં ઠેર ઠેર પાણીના ભરાવા વચ્ચે કાદવ કિચ્ચડ જોવા મળી રહ્યા છે. નિખરતી હરિયાળી વચ્ચે સેકટરોમાં બિનજરૂરી વનસ્પિત ઉગી નિકળતા જીવાતનો ઉપદ્રવ વધ્યો છે.જયારે માર્ગો પણ ઉબડ ખાબડ બનતા નાગરિકોની પરેશાની વધી છે. જયારે માર્ગો પર તેમજ આસપાસમાં અસ્તિત્વમાં આવતા ગાબડા નિવારવા માટે હજુ સુધી તંત્રની ટીમ અસરકારક રીતે કામે લાગી નથી જેના લીધે ઘણી જગ્યાએ માટી પોલાણ વચ્ચે સેકટરવાસીઓના વાહનો પણ ફસડાઈ પડે છે. શહેરીજનો વરસાદી મોસમથી પ્રભાવિત છે. જયારે ઝરમરિયા વરસાદ અને વાદળિયા માહોલના લીધે નગરનુ જનજીવન પણ વિશેષ પ્રભાવિત જોવા મળે છે. શહેરમાં સાંજના વરસાદી ઝાપટા બાદ મોડી સાંજે અને રાત્રિના સમયે પણ ઝરમરિયો વરસાદ યથાવત રહ્યો હતો.

## બમણો વરસાદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે ૨૭ થી ૩૧ જુલાઈના પાંચ દિવસ દરમ્યાન આકાશ મોટા ભાગે વાદળછાયુ રહેશે અને છુટી છવાઈ જગ્યાએ હળવાથી મધ્યમ વરસાદ પડવાની શક્યતા છે. મહત્તમ તાપમાન ૨૯-૩૨ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૪ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૭ થી ૯૪ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૩-૧૯ કિ.મી. પ્રતિ કલાકની અને દક્ષિણ-પશ્ચિમ દિશામાં રહેવાની શક્યતા છે.

## ૬૫ ભુવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર શહેરમાં આમ તો ૧૨ ઈંચથી વધુ વરસાદ નોંધાઈ ચુક્યો છે પણ વરસાદનું જોર અથવા ભારે વરસાદ કહી શકાય તેવો નોંધાયો નથી એ પણ નોંધનીય છે. ફરફરિયા વરસાદથી જ જો આટલી સંખ્યામાં ભુવાઓ પડ્યા હોય તો ભારે વરસાદ નોંધાવાથી કેટલા ભુવા પડ્યા હોત તેની કલ્પના જ કરવી રહી...

## વેરીફીકેશન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને મતદાર નોંધણી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

હવે પંચ દ્વારા વિધિવત્ મતદારયાદીની સંક્ષિપ્ત સુધારણા હાથ ધરવામાં આવનાર છે અને તે વિધાનસભાની સામાન્ય ચૂંટણીના ઉપયોગમાં લેવામાં આવશે. આ નવી મતદારયાદી સુધારણા ઝુંબેશને લઈ રાજકીય પક્ષો પણ સક્રિય બન્યા છે.

## સંખ્યા વધારી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માત્રા અને પાણી પીવાલાયક છે કે કેમ તે માટે લેબોરેટરીમાં પાણીની તપાસ પણ કરવામાં આવે છે. પાણીમાં હાલ કલોરિનેશનની માત્રા ૦.૨ પી પી એમ જેટલી રાખવામાં આવે છે.

જયારે કલોરિનેશનની માત્ર દરેક જોડાણ સુધી જળવાઈ રહે છે તે અંગે પણ તપાસ કરવામાં આવે છે. જો કે વરસાદી દિવસોમાં શહેરના સેકટરો તેમજ ગામોમાં પાણીના વધુ સેમ્પલ લેવામાં આવી રહ્યા છે જયારે શહેરના તમામ સેકટરો તેમજ ગામોમાં સમયાંતરે પાણીની ચકાસણી થાય તે અંગે પણ વિશેષ તકેદારી રાખવામાં આવી રહી છે. પાણીની ગુણવત્તાના નિયમો મુજબ હાલ સેમ્પલ લેવાની સંખ્યા ૧૦ ની કરી દેવામાં આવી છે જયારે આ નમુનાનુ સરકારી પ્રયોગશાળામાં પરિક્ષણ કરવામાં આવે છે. જેથી પાણીની ગુણવત્તા મામલે કોઈ કચાશ રહે નહી.

## હંગામો

● અનુસંધાન પહેલાનું ચાલુ

છેત્રિયા, નદીમુલ હક, અબિરંજન વિશ્વાસ (ટીએમસી) ઉપરાંત એ. રહીમ અને શિવદાસન, કનિમોઝી (ડીએમકે), બીએલ યાદવ (ટીઆરએસ) અને મોહમ્મદ અબ્દુલ્લા. ગૃહના વેલમાં પ્રવેશવા અને સૂત્રોચ્ચાર કરવા બદલ ઉપલા ગૃહમાંથી તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

આ અગાઉ કોંગ્રેસના ચાર લોકસભા સાંસદો મણિકમ ટાગોર, રામ્યા હરિદાસ, ટીએન પ્રતાપન અને એસ જ્યોતિ મણિને સોમવારે ચોમાસુ સત્રના બાકીના દિવસો માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. તેઓએ સ્પીકરના આ નિર્ણય સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. ડાબેરી પક્ષો, એનસીપી, ડીએમકે અને કોંગ્રેસના અન્ય નેતાઓ સસ્પેન્ડેડ સાંસદો સાથે વિરોધમાં જોડાયા હતા.

## વિજય દિવસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જમ્મુ કાશ્મીરની દ્રાસ ખીણથી આઠ કિલોમીટર દૂર ટાઈગર હિલ પાસે વસેલી મશકુ ઘાટીમાં રહેતા યાર મોહમ્મદ ખાને જ ભારતીય સેનાને પાકિસ્તાનની નાપાક હરકત વિશે પહેલી ખબર આપી હતી. ૬૫ વર્ષના યાર મોહમ્મદ પહેલા રહીશ હતા જેમણે સેનાને એ વાતથી માહિતગાર કરી હતી કે ટોચ પર પાકિસ્તાની સેનાની હરકત જોવા મળી રહી છે. આ સાથે જ તેમણે પુરાવા પણ આપ્યા હતા. યાર મોહમ્મદે સેનાના કમાન્ડરને બે સિગરેટના પેકેટ પણ દેખાડ્યા હતા જે પાકિસ્તાનની બનાવટના હતા. યાર મોહમ્મદે ૮ મેના રોજ પાકિસ્તાની સેનાની હરકત વિશે ભારતીય સેનાને સૂચિત કરી હતી.

## સમન્સ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ સાથે જ અર્પિતાના ઘરેથી વિદેશી કરન્સી પણ મળી હતી.કોર્ટે પાર્થ અને અર્પિતાને ૩ ઓગસ્ટ સુધી ઈડીની કસ્ટડીમાં મોકલી દીધા છે. ઈડીનુ કહેવુ છે કે અર્પિતાએ પૂછપરછ દરમિયાન સ્વીકાર કર્યો છે કે રોકડ પાર્થની છે. ઈડીએ કોર્ટમાં અર્પિતા અને પાર્થ ચેટર્જી બંનેના ૧૪ દિવસના રિમાન્ડ માગ્યા હતા. ઈડીએ કહ્યુ હતુ કે પાર્થ ચેટર્જી અને અર્પિતા મુખર્જીની સંયુક્ત સંપત્તિ સાથે સંબંધિત દસ્તાવેજ મળ્યા છે. આ સંપત્તિને પાર્થે ૨૦૧૨માં ખરીદી હતી. અર્પિતાએ પૂછપરછ દરમિયાન એ પણ સ્વીકાર્યુ કે રોકડ પાર્થની છે. આ રૂપિયાને અર્પિતા મુખર્જી સાથે જોડાયેલી કંપનીઓમાં રોકવાનુ આયોજન હતુ. રોકડ પણ એક-બે દિવસમાં તેમના ઘરેથી બહાર લઈ જવાનુ આયોજન હતુ. જાણકારી અનુસાર આ કેસમાં ઘણા લોકોની તપાસ થાય તેવી શક્યતા છે.